



લેખક : બીરેન કોઠારી, (પ્રકાશક : 'સાર્થક પ્રકાશન', 3-રામવન ફ્લેટ્સ, દીલીપ ધોળકીયા માર્ગ, 67-નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ-380015, eMail: spguj2013@gmail.com ; Website: http://saarthakprakashan.com/ પ્રથમ પ્રકાશન: એપ્રીલ, 2019, પાન સંખ્યા: 244, મુલ્ય: 290 રુપીયા; મુખ્ય વીક્રેતા: બુક શૅલ્ફ, 16-સીટી સેન્ટર, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ.)

# સળી નહીં; સાવરણી

**–બીરેન કોઠારી**

## .1.

## વૉટ્સએપ ગ્રુપ: અપના બેન્ડ બજાયે જા...

કેટલીક શોધો જમાનાથી આગળ હોય છે, એમ કેટલીક શોધો જમાનાથી પાછળ હોય છે. વૉટ્સએપ આ શ્રેણીમાં આવે. અંગ્રેજોના શાસનકાળ દરમીયાન વૉટ્સએપ હોત તો આટઆટલાં જુલ્મોસીતમ અને જાનહાની થયાં હોત? કેટકેટલાં વૉટ્સએપ ગ્રુપ બન્યાં હોત અને તેની પર રોજ અંગ્રેજોની વીરુદ્ધના સંદેશાઓ એ હદે ફોરવર્ડ થયા હોત કે, તેઓ સીધા બ્રીટનભેગા થઈ ગયા હોત. એથી પહેલાંના રામાયણયુગમાં વૉટ્સએપ ગ્રુપ હોત તો, ભગવાન રામની ઓળખ 'મર્યાદા પુરુષોત્તમ'ને બદલે 'અયોધ્યાવાહીની'ના 'એડમીન' તરીકેની હોત. હનુમાનજી 'રામભક્ત'ને બદલે 'વાનરસેના'ના 'એડમીન' તરીકે પુજાતા હોત.

વૉટ્સએપ ગ્રુપના સંચાલકને 'એડમીન' કહે છે. એડમીનનો દબદબો કોઈ કંપનીના સી.ઈ.ઓ. જેવો તેના મનમાં હોય છે. કોઈ પણ લાયકાત ન હોવી એ એડમીન બનવાની મુખ્ય લાયકાત ગણાય છે. કેટલાક તો લગ્ન કે નોકરી માટેના પોતાના બાયોડેટામાં પણ પોતે કેટલા ગ્રુપના એડમીન છે તે ગૌરવભેર જણાવે છે. તેના પરથી કહી શકાય કે વૉટ્સએપ ગ્રુપ થકી બેરોજગારોને આવક ભલે ન મળી; છતાં રોજગાર અવશ્ય પ્રાપ્ત થયો છે.

વૉટ્સએપ ગ્રુપ એવું સંગઠન છે કે જેને બનાવવા માટે કોઈ પણ જાતના 'શપથ' લેવાની જરુર નથી. દરેક સંગઠનની જેમ તેમાં સામેલ હોય એવા સૌને લાગે છે કે પોતાનું ગ્રુપ કોઈ 'ક્રાંતીકારી' સંગઠનથી કમ નથી. પણ એ સીવાયનાને તે 'ત્રાસવાદી' સંગઠન સમું ભાસે છે, તે જુદી વાત છે. વૉટ્સએપ વાપરનાર 'અપરીગ્રહવૃત્તી' ધરાવે છે. પોતાની પાસે આવતા 'લોભામણા', 'ઉપયોગી' અને 'આકર્ષક' સંદેશાઓને સંઘરી રાખવાને બદલે તે 'બહુજનહીતાય' આગળ ધકેલે છે, જેને 'ફોરવર્ડ કરવું' કહેવાય છે. કેટલાક લોકો અપરીગ્રહવૃત્તી ધરાવવાની સાથોસાથ 'નીઃસ્પૃહી' પણ હોય છે. પોતાને મળેલા સંદેશા સામે નજર સુધ્ધાં નાખ્યા વીના, પોતે 'બેકવર્ડ' રહેવાનો

જોખમી વીકલ્પ સ્વીકારીને પણ, તેઓ તેને ફોરવર્ડ કરી દે છે. આવા 'કર્મયોગી'ઓની 'નીષ્કામ કર્મઠતા' તેમને ગ્રુપ બનાવવા પ્રેરે છે.

સાગરમાં ક્યારે, ક્યાં અને કેટલી માત્રામાં ભરતી કે ઓટ આવશે એનું અનુમાન કરી શકાય છે. પણ વૉટ્સએપ ગ્રુપ ક્યારે, કોનું તેમ જ કયા નીમીત્તે બનશે અને શાથી, શી રીતે વીખેરાઈ જશે એનું અનુમાન હજી સુધી કોઈ કરી શક્યું નથી. વૉટ્સએપના ગ્રુપની જીવનતરાહ એકકોષી જીવ 'અમીબા'ની યાદ અપાવે છે. દરેક વીભાજીત અમીબા એક સ્વતંત્ર જીવ બને છે, એમ એક ગ્રુપમાંથી છુટા પડેલા કેટલાક સભ્યો, નવું ગ્રુપ બનાવે છે. તેમાંથી વીભાજીત થયેલા અમુક સભ્યો, વળી વધુ એક ગ્રુપ બનાવે છે.

જે વ્યક્તીને ઓળખતાં વરસો લાગે એવી વ્યક્તી વૉટ્સએપ ગ્રુપની સભ્ય બનતાં કલાકોમાં ઓળખી લેવાય છે. આમ, વૉટ્સએપ સમય વેડફતું નહીં; પણ સમય બચાવતું માધ્યમ છે. (પાન:192, 193)

## .2.

## પાડોશી: તુ જીધર કા રુખ કરેગા, મેરા સાયા સાથ હોગા...

સગાંવહાલાંઓની પસંદગી આપણા હાથમાં હોતી નથી. આવું જ પાડોશીઓ માટે પણ કહી શકાય. 'પહેલો સગો પાડોશી' જેવી કહેવત આ કારણે જ પડી હશે.

પાડોશીઓના સદ્‌ગુણોને ઓળખવા જાતે કોઈના પાડોશી બનવું પુરતું છે. તેઓ હંમેશાં બાજુવાળાના હીતેચ્છુ હોય છે. બાજુવાળાનું નુકસાન 'પોતાને કારણે' થાય તો તેમને ખરા દીલથી દુ:ખ થાય છે અને 'બીજાથી' થયું હોય તો તેઓ 'સો ટચનો રાજીપો' અનુભવે છે. બાજુવાળાના મકાનના પાછલા ભાગમાં 'બલ્બ' ચાલુ રહી ગયો હોય તો તેના અજવાળે પોતાની ચોકડીમાં વાસણ ઘસી લીધા પછી, વીના વીલંબે તેઓ મકાનમાલીકને જાણ કરે છે. બાજુવાળાના આંગણામાં રોપાયેલાં વૃક્ષો જોઈને તેઓ અતીશય આનંદ પામે છે. તેઓ ઈચ્છે છે કે એ વૃક્ષનો છાંયો અને ફળ તેમને મળે અને તેનાં પાંદડાં મકાનમાલીકના ઘર આગળ ખરે.

ઘણા સજ્જન પાડોશીઓ હેલ્પલાઈનની જેમ મદદ કરવા અત્યંત તત્પર હોય છે. 'અડધી રાતે' કામ પડે તો તેમને જગાડી શકાય. જો કે, 'આખા દીવસ' દરમીયાન કામ પડે ત્યારે તેઓ દેખાતા નથી. આનું કારણ એટલું જ કે દુનીયાના કોઈ ને કોઈ ખુણે અડધી રાત ચાલતી હોય છે.

'સારા પાડોશી'ઓ હોય તો સલામતી માટે 'સી.સી.ટી.વી. કેમેરા' મુકાવવાની જરુર પડતી નથી. આસપાસના ઘરોમાં, કયા સમયે, કોણ, કોની સાથે, કયા વાહનમાં આવ્યું કે ગયું એ બધા પર તેઓ નજર રાખે છે અને સી.સી.ટી.વી. કેમેરાની જેમ જ આવનાર કે જનારને તેની જાણ થતી નથી.

કેટલાક પાડોશીઓ 'અભીનયના નીષ્ણાત' હોય છે. તેઓ પારસી રંગમંચની અભીનયશૈલીને અનુસરે છે. તેઓ કાનમાં વાત કરે તો પણ, બાજુવાળાને તે સંભળાય એની કાળજી લે છે અને અંદરોઅંદર ઝઘડવા જેવાં રોજીંદા કાર્યો તેઓ નીચા અવાજે નીપટાવી દે છે.

કેટલાક પાડોશીઓ બાજુવાળાને ખાતર, વીજ્ઞાનના નીયમને પડકારવા પણ સજ્જ હોય છે. પવન કોઈ પણ દીશામાં ફુંકાતો હોય, પોતાના આંગણાનો સુકો કચરો ઉડીને બાજુવાળાના આંગણા તરફ જ જાય, એ રીતે તેઓ પવનને નાથે છે. જીવદયાનું પુણ્ય પ્રાપ્ત થાય એ માટે, તેઓ પોતાના ઘરના વધેલા ખોરાક પ્રત્યે આસક્તી રાખ્યા વીના, તેને બાજુવાળાના ઘર આગળ ત્યાગે છે, જેથી રખડતી ગાયો અને કુતરાના આશીર્વાદ બાજુવાળાને મળે.

કોઈ સામુહીક કાર્યક્રમ માટે ફાળો ઉઘરાવવાનો થાય ત્યારે ઘણા પાડોશીઓ દીવાળીમાં ફોડાતી 'કોઠી' જેવા બની જાય છે. તેઓ ખરે ટાણે 'આડા ફાટે' છે. સોસાયટી માટે ફાળો ઉઘરાવવા આવનાર સમક્ષ તેઓ સ્પેક્ટ્રમ કૌભાંડ કે બોફોર્સ કૌભાંડનો પણ હીસાબ માગી શકે છે.

પોતાની જાતને આદર્શ નાગરીક માનતા મકાનમાલીકે એ ન ભુલવું જોઈએ કે તે પણ કોઈનો પાડોશી છે. (પાન:04, 05)

## .3.

## મહેફીલ-એ-ગુજરાત: પીનેવાલોં કો પીને કા 'ઠીકાના' ચાહીયે...

'મકાન કોર્નરમાં છે?', 'વોશ બેસીન કેટલા છે?', 'બાથરુમ-સંડાસ એટેચ્ડ છે?', 'પાડોશીઓ કેવા છે?'

રખે કોઈ ધારી લે કે આવા સવાલો પુછનારને મકાન ખરીદવાનું હશે. ગુજરાતમાં શુભ પ્રસંગે 'સમુહ મદ્યપાન'નો રીવાજ છે; પણ એ 'ભૌગોલીક ગુનો' બનતો હોવાથી ચોરીછુપી કરવું પડે છે. તેથી આવો કાર્યક્રમ જ્યાં ગોઠવાતો હોય એ ઘર બાબતે આવા પ્રશ્નો પુછવામાં આવે છે.

નીર્ધારીત સ્થળે કાર્યક્રમ એ રીતે આરંભાય છે, જાણે કોઈ 'કમાન્ડો ઓપરેશન' હાથ ધરવાનું હોય. સમી સાંજે એક પછી એક વાહનો આવવા માંડે અને આગંતુકો ઝાંપો ખોલીને ગુપચુપ પ્રવેશતા જાય એટલે અનુભવી પાડોશીઓ સમજી જાય છે કે બાજુના ઘરે 'પ્રોગ્રામ' છે.

નાસ્તાનાં પાઉચનાં કચડ કચડ અવાજ, શેકાતા પાપડની સુગંધ, મરી ભભરાવેલી બોઈલ્ડ ઈંડાની ચીરીઓ, સીગારેટના ધુમાડાને કારણે આવા ઘરમાં પણ 'ભક્તીભાવ'નો માહોલ રચાઈ જાય છે. બન્ને સ્થળોમાં ફરક 'તીવ્રતા'નો નહીં; કેવળ 'સાધ્ય'નો હોય છે.

ઘરનાં અન્ય સભ્યોની ગેરહાજરીમાં આ કાર્યક્રમ સામાન્યપણે યોજાતો હોવાથી યજમાનને સતત ઉચાટ રહે છે કે આમંત્રીતોને ઓછું તો નહીં આવે ને! આ મનોસ્થીતીમાં તે ચપ્પુ, ખાલી ડીશ, પ્યાલા, લીંબુ, બોટલ ઓપનર જેવી ચીજો એકની જરુર હોય ત્યાં બે-ચાર હાજર કરી દે છે. અલબત્ત, આમંત્રીતો અર્જુનની જેમ 'લક્ષ્યવેધી' હોય છે.

સમગ્ર જુથમાં એક વ્યક્તીનું સ્થાન 'ધર્મરાજ' જેવું હોય છે, જેના વ્યવહારપાલનમાં સૌને વીશ્વાસ હોય. 'પેગ' તૈયાર કરવાની જવાબદારી એકમતે તેને સોંપાય છે. આ યુધીષ્ઠીર ઘડીભર 'રામાનુજન' બનીને બાટલીમાંના પ્રવાહીના જથ્થાનો પ્યાલા તેમ જ પેગની સંખ્યા વડે મનોમન ભાગાકાર કરે છે. પછી તે સમાન ધોરણે વહેંચણી શરુ કરે છે. 'મુખ્ય પ્રવાહી' પીરસાઈ ગયા પછી સૌ સુલભતા મુજબ 'પાણી, સોડા કે બરફ' ઉમેરે છે.

કેટલાક સાહસીકો 'નીટ'નો, તો અમુક ભક્તજનો 'તુલસીપાન'નો પણ આગ્રહ રાખે છે. આવા જુથમાં એકાદ બે 'વીરક્તવીરો' એવા હોય છે કે જેઓ મદ્યપાન ન કરતા હોય. તેમનું મુખ્ય લક્ષ 'મન્ચીંગ'ની વાનગીઓનો 'ભક્ષ' હોય છે. મદ્યનીષેધ તેઓ એટલી દૃઢતાથી પાળે છે કે મદ્યને લીધે નહીં; પણ મન્ચીંગના અતીરેકથી પેટ બગાડી બેસે છે. પહેલા રાઉન્ડ પછી બીજા રાઉન્ડમાં 'સમાનતા'ને ધોરણે નહીં; પણ 'ક્ષમતા'ને ધોરણે વહેંચણી થાય છે. આ દૌર દરમીયાન 'અભીનય, ગાયન, નર્તન'ની અનેક 'છુપાયેલી પ્રતીભાઓ' ઝળકી ઉઠે છે, જેઓ વારંવાર એ સાબીત કરવા પ્રયત્ન કરે છે કે પોતે 'નોર્મલ' છે. હસતું મોં રાખતા યજમાનને ફીકર એ વાતની હોય છે કે મહેફીલમાં ક્યાંક 'સ્વચ્છતા અભીયાન' ન આદરવું પડે. છેલ્લે જેમતેમ છુટા પડતી વખતે સૌ બીજો

કાર્યક્રમ ગુજરાતની બહાર ગોઠવવાનું નક્કી કરે છે; પણ પછી યાદ આવે છે કે ગુજરાતમાં જે 'કીક' આવે છે એવી 'કીક' બહાર પીવામાં નથી આવતી. (પાન:82, 83)

## .4.

## કોઈ પણ નામે લખજો કંકોતરી

આપણે ત્યાં ચોમાસું પતે એટલે 'રોગચાળો', ત્યાર પછી 'તહેવારચાળો' અને એ પુરો થતાં 'લગ્નચાળો' ફાટી નીકળે છે. લગ્નચાળાનું પહેલું લક્ષણ છે 'કંકોતરી.' બે-ચારપાનાંની કંકોતરી 'સમાજવીજ્ઞાનના આખા પાઠ્યપુસ્તક'ની ગરજ સારે છે.

પહેલાં કંકોતરી આછા રંગના કાગળમાં, લાલ અક્ષરે સીધીસાદી ડીઝાઈનમાં છપાતી. 'લાલ રંગ', કુંવારાઓના મતે 'શુભ'નો અને પરણેલાઓના મતે લોહીયાળ 'યુદ્ધ'નો પ્રતીક હતો. હવે કંકોતરી લીલા, ભુરા, જાંબલી, કથ્થાઈ જેવા ઘેરા રંગોમાં જોવા મળે છે, જે દર્શાવે છે કે લગ્નની સમસ્યા પણ 'ઘેરી' બની છે. ઘેરા કાગળ પરનું લખાણ 'રુપેરી' કે 'સોનેરી' અક્ષરે છપાય તો જ એ વાંચી શકાય. લગ્ન પછી વરકન્યાનું નામ ઈતીહાસમાં અકારણ કે સકારણ સોનેરી અક્ષરે લખાય ત્યારે ખરું; પણ લગ્ન અગાઉ કંકોતરીમાં તેમનાં નામ સોનેરી અક્ષરે અવશ્ય લખાઈ જાય છે.

પોતાને કનડતાં અનીષ્ટ તત્ત્વોને ઠેકાણે પાડવા તેમ જ આવક વધારવા માટે પરીવારજનો કયા 'ઈષ્ટદેવ'ને પુજે છે એ કંકોતરી થકી જાણવા મળે છે. ઈષ્ટદેવની આરાધનાથી થતી પરીવારની આવક કયા 'ધર્મગુરુ' તાણી જાય છે, એ પણ જાણી શકાય છે. આમંત્રણ આપનાર તરીકે કુટુંબના ચોથી પેઢીના 'દાદામહ'નું નામ 'પરીવારપ્રેમ' નહીં; 'પરીવારકલહ' સુચવે છે. એ દર્શાવે છે કે આ કુટુંબની વર્તમાન પેઢીમાં કોઈ સન્માન્ય વડીલ નથી, જેના નામે આમંત્રણ પાઠવી શકાય. કંકોતરી દ્વારા ખ્યાલ આવે કે માબાપ સંતાનોને ભણાવવાનો આગ્રહ એટલા માટે રાખે છે કે સંતાનોની 'ડીગ્રી' કંકોતરીમાં લખી શકાય. પશ્ચીમના દેશોમાં સ્થાયી થનારનાં નામની પાછળ 'કૌંસમાં દેશનું નામ' કંકોતરીમાં લખવામાં આવે છે, જ્યારે પુર્વના કે અન્ય દેશોમાં સ્થાયી થનારના દેશનું નામ લખાતું નથી.

કંકોતરીનું મુખ્ય લખાણ એકદમ સાહીત્યીક અને અનન્ય હોય એમ સૌ ઈચ્છે છે. અલબત્ત, આ લખાણને 'લોકસાહીત્ય' સાથે સરખાવી શકાય, કેમ કે, તેના સર્જક વીશે કશી માહીતી હોતી નથી. કંકોતરી છાપનાર પાસે 'અનન્ય' લખાણો ધરાવતા તૈયાર નમુનાઓનું આલ્બમ હોય છે. ઘણા સાહીત્યપ્રેમી જીવો, અનેક કંકોતરીમાંથી થોડું થોડું લખાણ ચુંટીને, મૌલીક સર્જન કર્યું હોવાનો અને સાહીત્યકાર બન્યાનો સંતોષ લે છે. લખાણની નીચે મુકાયેલી 'દર્શનાભીલાષી'ઓના નામની 'યાદી' કોઈ બૅન્કના 'ડીફૉલ્ટરો'ની યાદી જેટલી લાંબી હોય છે. એ બતાવે છે કે કુટુંબમાં કેટલા બધા લોકો 'ખોટું લાગવાને પાત્ર' છે.

સામાન્ય સંજોગોમાં બાળક બોલતાં 'તોતડાતું' હોય તો ચીંતાનો વીષય બને છે. પણ કંકોતરીમાં 'તોતડાયેલી બોલી' લખીને આમંત્રણ આપતું બાળક 'ગૌરવરુપ' ગણાય છે.

ગુજરાતીઓ 'આંકડાપ્રીય' હોવાની માન્યતા કંકોતરી માટે પણ સાચી છે. ભોજનના સમયના 'આંકડા' અને દીવસના 'શબ્દ' સીવાય લોકો ભાગ્યે જ કશું વાંચે છે.

અનેક 'ઉત્તમ કૃતી'ઓની જેમ કંકોતરી પણ છેવટે 'પસ્તી'ને હવાલે થાય છે.

–બીરેન કોઠારી

સર્જક સમ્પર્ક:

Biren Kothari, A/403, Saurabh Park, B/h Samta Flats,Subhanpura, Vadodara-390 023. Phone:+91 265 239 3895 Mobile: +91 98987 89675

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: પંદરમું – અંક: 441 –Decembar 08, 2019

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ' માટે પોતાનું પુસ્તક 'સળી નહીં; સાવરણી'(પ્રકાશક :'સાર્થક પ્રકાશન', 3, રામવન ફ્લેટ્સ, દીલીપ ધોળકીયા માર્ગ, 67, નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ–380 015–

eMail : spguj2013@gmail.com  Website : http://saarthakprakashan.com/

પ્રથમ આવૃત્તી : એપ્રીલ, 2019 પાનાં : 244 મુલ્ય : રુપીયા : 290) મને મોકલવા બદલ

ભાઈશ્રી. બીરેન કોઠારીનો ખુબ ખુબ આભાર.. ..ઉ.મ..

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,68,35,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,47,43,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,09,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com


More than 13,23,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@


2019-12-08

'Sunday eMahefil'-441




તમને થશે : કેમ આ છેલ્લું પેજ અહીં મુક્યું હશે?
સાચું કહેજો, તમે ચીત્રમાંનું લખાણ જ માત્ર વાંચ્યું ને?
વાસ્તવમાં પહેલું અને છેલ્લું ટાઈટલ સ્વતંત્ર નથી;
પણ એ બન્ને મળીને એક આખું ચીત્ર બનાવે છે.

પ્રથમ ટાઈટલમાં જોતાં, એક કીડી ફુલ
જેવી કોઈ વસ્તુને ‘સળી’ કરી રહી હોય
અને બીજી તેને ઉશ્કેરી રહી હોય એમ લાગે છે.
પણ એ ‘ફુલ’નું રહસ્ય આમ આખું ચીત્ર જોઈએ ત્યારે ખુલે છે.
લેખક આ ચીત્રમાંયે ‘સળી કરવાનું’ ચુક્યા નથી
તેની તમને ખાતરી થશે. તો જુઓ નીચે :
(*અને હજી આખી સાવરણી તો બાજુમાં જ પડી છે! પુસ્તકમાં* ***115*** *જેટલી રચનાઓ છે.*)




2019-12-08

‘Sunday eMahefil’- 441